## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**બાપુ જેલમાંથી છુટી જાય ત્યાં સુધી આપણે આ પત્થરથી શ્રાવણમાં કામ ચલાવવું.. એવો આદેશ છે...**

# મધ્યાહન ભોજન કર્મચારી મહામંડળના પ્રમુખ સહિત ૩૨ની અટકાયત

ગાંધીનગર, તા.૧૧

મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓની વર્ષો જુની માંગણીઓ નહીં સંતોષાતા ગુજરાત રાજ્ય મધ્યાહન ભોજન યોજના કર્મચારી મહામંડળના પ્રમુખ આજરોજથી અચોક્કસ મુદત સુધી આમરણાંત ઉપવાસ પર ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે બેસવાના હતા. પરંતુ પોલીસે આજે મધ્યાહન યોજનાના કર્મચારી મંડળના પ્રમુખ સહિત ૩૨ કર્મચારીઓની અટકાયત કરી દીધી છે, અને કર્મચારીઓની ૩ ગાડીઓ પણ ડીટેઈન કરવામાં આવી છે. ત્યારે પોલીસે ચંદનસિંહ વાઘેલા સામે કાયદેસરની કાર્યવાહી શરુ કરી છે.

રાજયભરના મધ્યાહન ભોજન યોજના કર્મચારીઓની વર્ષોથી પડતર માંગણીઓ છે, જેનો આજદિન સુધી તંત્ર દ્વારા કોઈ ઉકેલ આવ્યો નથી. જેથી યોજનાના કર્મચારીઓમાં રોષ ફાટી નીકળ્યો છે. કર્મચારીઓના પડતર પ્રશ્નોમાં લઘુતમ પગાર ધોરણ આપી કાયમી કરવા, એનજીઓ દાખલ નહીં કરવા તેમજ જે જિલ્લામાં એન.જી.ઓ દાખલ કરી છે તે રદ કરીને છુટા થયેલા કર્મચારીઓને પોતાના મુળ કેન્દ્ર પર નોકરી રાખવા, નવા મેનુમાં સુધારા કરવા, પુરવઠો-પેશગી-માનદવેતન નિયમિત મળવું જોઈએ નો સમાવેશ થાય છે. ત્યારે છેલ્લા ૨૭ વર્ષથી ન્યાય મેળવવા માટે લેખિત તેમજ મૌખિક રજુઆતો છતા સરકાર તરફથી હકારાત્મક અભિગમ નહીં અપનાવવામાં આવ્યો નથી. જેથી કર્મચારીઓ આગ બબુલા બની ગયા છે. ત્યારે આજરોજ ગુજરાત રાજય મધ્યાહન ભોજન યોજના કર્મચારી મહામંડળના પ્રમુખ ચંદનસિંહ વાઘેલા ગાંધીચિંધ્યામાર્ગે અહિંસક આંદોલનના ભાગરુપે અચોક્કસ મુદતના આમરણાંત ઉપવાસ પર બેસવાના હતા. જેથી સત્યાગ્રહ છાવણી ખાતે સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવાઈ હતી. જયારે પોલીસે પ્રમુખ સહિત ૧૭ મહિલા અને ૧૫ પુરુષ કર્મચારીઓની ૩ ગાડી સહિત અટકાયત કરી દીધી હતી અને પ્રમુખ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# છત્રાલ-પાનસર રોડ પરથી દારૂની હેરાફેરી કરતા એક શખ્સ ઝડપાયો

## ફ્રંટી ગાડીમાં ૧૩૧ નંગ દારૂની બોટલ ભરીને લઈ જવાઈ રહી હતી

ગાંધીનગર, તા.૧૧

કલોલ તાલુકા પી.આઈ. નીરજ પટેલની ટીમે બાતમીને આધારે છત્રાલ-પાનસર રોડ ઉપર વોચ ગોઠવીને વિદેશી દારૂની હેરાફેરી કરતી મારૂતિ ફ્રંટી ગાડી સાથે એક શખ્સને દબોચી લીધો છે. ગાડીમાં તપાસ કરતા અંદરથી ૧૩૧ નંગ વિદેશી દારૂની બોટલ મળી આવી હતી. કલોલ તાલુકા પોલીસે રૂ. ૯૫ હજારના મુદ્દામાલ સાથે ધાનેરા તાલુકાના સીયાતા ગામના બુટલેગરની ધરપકડ કરી લઈ ઊંડી પુછપરછ શરુ કરી છે.



કલોલ તાલુકા પોલીસે છત્રાલ પાનસર રોડ ઉપર છત્રાલ ગામની સીમમાં વોચ ગોઠવી મેક્ષામ કંપની પાસેથી જીજે ૦૧ એચ.બી. ૨૫૧૪ નંબરની મારૂતી ફ્રંટી ગાડી પકડી પાડી હતી. આ ગાડીમાંથી ૧૩૧ નંગ વિદેશી દારૂની બોટલો મળી આવતા પોલીસે દારૂ તથા કાર મળી કુલ રૂ. ૯૫૩૦૦નો મુદ્દામાલ જપ્ત કરી લીધો છે. ધાનેરાના સીયાતા ગામના ચંદન બળવંતસિંહ રાજપુત નામના શખ્સની ધરપકડ કરી પુછપરછ કરતા આ જથ્થો રાજસ્થાનના સાચોર વિસ્તારના કરણસિંહ નામના શખ્સે આપ્યો હોવાનું પ્રાથમિક તપાસમાં ખુલ્યું છે.



## સઈજમાં ખુલ્લેઆમ જુગાર રમતા ત્રણ ઝડપાયા

કલોલ તાલુકા પી.આઈ. નીરજ પટેલની ટીમે બાતમીને આધારે સઈજ ગામના ખાટવાસમાં દરોડો પાડી ખુલ્લેઆમ જુગાર રમી રહેતા ત્રણ શખ્સોને પકડી પાડયા છે. સઈજમાં રહેતા જગદીશ રમણ ઠાકોર, કલ્યાણપુરામાં રહેતા રાજેશ રમણ પંડયા અને કલોલના સોમનાથ નગરમાં રહેતા વિજય દિલીપસિંહ ચાવડા મળીને ત્રણેય શકુનીઓની તાલુકા પોલીસે ધરપકડ કરી લઈ રૂ. ૧૨૮૧૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



ગાંધીનગરની લાયોનેસ ક્લબ દ્વારા સેક્ટર-૧૬માં શ્રદ્ધાદીપ ગ્રીન ક્રોસ બ્લડ બેંક ખાતે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ ડિમ્પલ દેસાઈ સહિત મંત્રી પ્રિતીબેન શર્મા, પ્રોજેક્ટ ચેરમેન અરૂણાબેન ગજ્જર, પાસ્ટ પ્રેસિડેન્ટ્સ મીનાબેન પટેલ, હેમાબેન પટેલ, મીનાબેન ત્રિવેદી, પ્રજ્ઞાબેન ઠક્કર, રીટાબા, મમતાબેન, ભાવનાબેન, દેવલબેન, ચંદાબેન, મિનાક્ષીબેન તથા સંસ્થાના સભ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા અને સમાજ ઉપયોગી સેવા કાર્યમાં રક્તદાન કરી સહયોગ આપ્યો હતો.

# માણસાના વિઘ્નેશ્વરી ધામે સવા લાખ રૂદ્રાક્ષના શિવલીંગ તથા અમરનાથ દર્શન

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરના માણસા ખાતે વિઘ્નેશ્વરી પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટ પ્રેરિત મા પાલઈ વિઘ્નેશ્વરી ધામ તથા આનંદીમાના વડલે આ વર્ષે પણ પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે સવા લાખ રૂદ્રાક્ષનું શિવલીંગના દર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. આ સાથે અહીં દ્વાદશ જ્યોતિર્લિંગ તેમજ અમરનાથની ગુફા બનાવી ભગવાન અમરનાથના દર્શનનો લાભ પણ ભાવિકભક્તો લઈ શકે તેનું આયોજન સંસ્થા દ્વારા કરવામાં આવ્યુ છે તેવું સંસ્થાના માનદ મેનેજીંગ ટ્રસ્ટી દિનેશભાઈ વ્યાસે જણાવ્યુ છે. પવિત્ર શ્રાવણ માસમાં દર સોમવારે રાત્રે ૮ કલાકે અહીં ૧૦૮ દિવડાંની ભવ્ય આરતી સાથે ભસ્મ આરતીનું પણ આયોજન કરવામાં આવ્યું છે અને વ્યસનમુક્તિ ફિલ્મ બનાવી નાગરિકોને વ્યસન મુક્ત થવા તરફ પ્રેરિત કરવાનો પ્રસંશનીય પ્રયાસ પણ સંસ્થા દ્વારા કરવામાં આવ્યો છે. આ પવિત્ર શ્રાવણ માસમાં દર્શનનો લાભ લેવા ધાર્મિક જનતાને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## શ્રી જયઅંબે પરિવારની અંબાજી પદયાત્રા માટે નોંધણી જોગ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરના સેક્ટર-૧૩-બી ખાતેથી શ્રી જય અંબે પરિવાર દ્વારા છેલ્લા ૨૯ વર્ષથી ભાદરવા માસમાં અંબાજી સુધીની પદયાત્રાનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ ગાંધીનગરથી મા જગદંબાના નયનરમ્ય, ધાર્મિક અને અતિ પવિત્ર એવા અરવલ્લીના ગીરીમાળાઓમાં શોભતા આરાસુર અંબાજી ધામ સુધીની પદયાત્રા તા. ૧૪મી સપ્ટેમ્બરથી તા. ૨૦મી સપ્ટેમ્બર દરમ્યાન યોજાશે. જેમાં સામેલ થવા ઈચ્છતા શ્રદ્ધાળુઓએ તા. ૧૫મી ઓગષ્ટથી તા. ૩જી સપ્ટેમ્બર સુધીમાં નિયત ફોર્મ ભરીને જય અંબે પરિવારના કાર્યાલયમાં જમા કરાવવાના રહેશે તેવું સંસ્થાની અખબારી યાદીમાં જણાવ્યુ છે.

# મગોડી સ્થિત રાહેલબા વૃદ્ધાશ્રમમાં મેઘરાજાને મનાવવા રામધૂન-ભજન કાર્યક્રમ યોજાયો

ચિલોડા, તા. ૧૧

ગાંધીનગર તાલુકામાં ચિલોડા પંથકમાં ૧૯મી જુલાઈએ મેઘરાજાનું એક હળવુ ઝાપટા વરસ્યા બાદ લાંબો સમય વિત્યો છતાં મેઘરાજાની પધરામણીના રીસામણાંથી ખરીફ પાક જેવા કે મગફળી, ડાંગર, કપાસ, જુવારનો મહામુલો ઉભો પાક મુંઝાતા ખેડૂત આલમમાં પાક નિષ્ફળ જાય તેવા એંધાણોથી વરસાદી ગોરંભાયેલા વાદળો ન વરસતાં અણીના સમયે ચિંતાના વાદળો છવાતાં ભારે મુશ્કેલી આવી પહોંચી છે. આ વિસ્તારમાં ડાંગરનું વાવેતર વધુ થતાં વાવણી બાદ વરસાદ રિસાતાં પિયત પાણીથી પાક બચાવવા ખેડૂતો મથામણ કરી રહ્યા છે. આકાશ તરફ મીટ



માંડી બપોરે ગરમીનો અસહ્ય ઉનાળા જેવો તાપથી પાક વિલાઈ જતાં ખેડૂતોના જીવ પડીકે બંધાયા છે. ત્યારે ચિલોડા પંથકમાં ગામે ગામ મેઘરાજાને મનાવવા પર્જન્ય યજ્ઞ, રામધૂન, મેઘરાજાની ઉજાણી ભજન-કિર્તન દ્વારા આજીજી કરી રહ્યા છે. જેમાં મગોડી સ્થિત રાહેલબા વૃદ્ધાશ્રમ ખાતે નિકોલ ગામના શક્તિ વિજય મહિલા મંડળ દ્વારા મેઘરાજાને મનાવવા સવારથી મોડી સાંજ સુધી આખો દિવસ મેઘા આવરે ઈશ્વરીય ભજન સત્સંગ કાર્યક્રમ યોજાયો હતો. આ સંસ્થામાં આશ્રિત અને વડીલ ભાઈ-બહેનોને ભજન સાથે ભોજનનું રસપાન કરાવ્યુ હતુ. આ કાર્યક્રમ કરવા બદલ સંસ્થાના નિર્મળાબેન તથા યશવંતભાઈએ મહિલા મંડળનો આભાર વ્યક્ત કર્યો હતો.



આજોલ ખાતે મહિલા સશક્તિકરણ કાર્યક્રમનું આયોજન કરાયુ હતુ. જેમાં ગાંધીનગરના કાઉન્સીલર બરખાબેન જહા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં મહિલા દાતાઓનું સન્માન કરાયુ હતુ. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા સી.એમ.ડી. શાહ હાઈસ્કૂલના આચાર્ય અને શિક્ષકગણે ભારે જહેમત ઉઠાવી હતી.

## વાતવાતમાં

● ગાંધીનગરના સરગાસણ ચાર રસ્તા નજીકની પ્રમુખનગર સોસાયટીમાં રાત્રે ૨ વાગ્યાની આસપાસ આવેલા ભાવેશ ગજ્જર નામના ઈસમને સિક્યુરીટી ગાર્ડે રજીસ્ટરમાં એન્ટ્રી કરવાનું કહેતા તેણે પિત્તો ગુમાવી સિક્યુરીટી ગાર્ડને માર માર્યો હતો. આ બાબતે સિક્યુરીટી ગાર્ડે પોલીસ ફરિયાદ કરતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

● ગાંધીનગર સચિવાલય ખાતે કૃષિ અને સહકાર વિભાગમાં સેક્શન અધિકારી તરીકે ફરજ બજાવતા અને હાલમાં મસ્ત્યોદ્યોગના રાજ્યકક્ષાના મંત્રી પાસે સેવાઓ આપી રહેલા જયેશભાઈ જોષીની એ જ જગ્યા પર ઉપસચિવ તરીકે બઢતી કરવામાં આવી છે. વહીવટી પ્રક્રિયાઓમાં માહેર અને વૉલીબોલ, ક્રિકેટ જેવી રમતોના શોખીન જયેશભાઈ જોષી ન્યુ સચિવાલય એમ્પ્લોઈઝ ક્રેડિટ સોસાયટીમાં પણ છેલ્લા બે વર્ષથી ડિરેક્ટર તરીકે સેવાઓ આપી રહ્યાં છે.

## બ્રહ્મસમાજ જીવનસાથી પસંદગી ૫૧મુ સંમેલન વડોદરામાં યોજાશે

શ્રી ચાણક્ય સેવા ટ્રસ્ટ તથા વડોદરા જિલ્લા સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજના સંયુક્ત ઉપક્રમે તા. ૨૮મી ઓક્ટોબરના રોજ વડોદરા મુકામે ૫૧મું જીવનસાથી પસંદગી સંમેલન યોજાશે. ઉમેદવારોએ પત્ર વિના મૂલ્યે ઘરબેઠા વાલીને સરનામાની જાણ કરતાં મોકલવામાં આવશે. ઈશ્વરભાઈ દવે, ૯ કમલકુંજ સોસાયટી, અર્પણ કોમ્પલેક્ષ પાસે, નિઝામપુરા, વડોદરાને જાણ કરવી.

# વાસણ મહાદેવ ખાતે દર સોમવારે ભકતો માટે વિનામૂલ્યે ચા

## પવિત્ર શ્રાવણ માસ નિમિતે ગ્રામજનો દ્વારા આયોજન

ગાંધીનગર, તા.૧૧

પવિત્ર શ્રાવણ માસમાં શિવાલયો હર હર મહાદેવાના નારાથી ગુંજી ઉઠે છે. શ્રાવણીયા સોમવારના દિવસે મહાદેવના મંદિરોમાં ભકતોનું ઘોડાપુર ઉમટી પડશે.ત્યારે શહેરના સેકટરમાં સમાવેશ થયેલા શિવ મંદિરો તેમજ ધોળેશ્વર મહાદેવ તેમજ વાસણ મહાદેવ નગરજનોમાં અનેરુ આસ્થાનું સ્થાન ધરાવે છે. શ્રાવણ માસમાં દાન-પુણ્યનો મહિમા પણ વિશેષ જોવા મળે છે. ત્યારે ગાંધીનગર શહેરને અડીને આવેલા વાસણ ગામે મુખ્ય માર્ગ પર આવેલું મહાદેવનું મંદિર રાજયભરમાં ખુબ પ્રચલિત છે. વાસણ મહાદેવ ખાતે દર શ્રાવણીયા સોમવારે મેળા જેવો માહોલ સર્જાય છે. ભોળાનાથના દર્શન કરવા આસપાસના ગ્રામજનો ઉપરાંત શહેરીજનો પણ મોટીસંખ્યામાં આવે છે. જેથી પવિત્ર શ્રાવણ માસ નિમિતે ગ્રામજનો દ્વારા દર સોમવારના રોજ ભોળાનાથના દર્શને આવતા ભાવિકો માટે વિનામુલ્યે ચા વિતરણ કરવામાં આવશે. દર સોમવારે સવારે ૭ થી રાત્રીના ૮ કલાક સુધી અવિરત ચા સેવાકેન્દ્ર કાર્યરત રહેશે. જયારે શ્રાવણીયા સોમવારે ૪૦ થી ૫૦ લીટર દુધની ચા દિવસ દરમિયાન બનાવવામાં આવશે.




આ પાછળ અંદાજીત પાંચ હજારથી વધુનો ખર્ચ થશે, પરંતુ આ તમામ ખર્ચ સેવાભાવી ગ્રામજનો દ્વારા કરવામાં આવશે. પવિત્ર શ્રાવણ માસના પ્રારંભે ભકતોને વિનામુલ્યે ચા વિતરણ કરવાની સેવાનો દિવડો પ્રગટાવતા ગ્રામજનોને જય ભોલેનાથ.

# ડભોડાના પ્રોહિબિશનના ગુનામાં વોન્ટેડ બુટલેગર એલસીબીના સકંજામાં

## દારૂ-બિયરની હેરાફેરી કરતી હોન્ડા સીટીને અકસ્માત થયા બાદ બુટલેગર કાર મુકીને ભાગી ગયો હતો

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીતની સુચનાથી તેમની ટીમ નાસતા ફરતા આરોપીઓને પકડવા સક્રીય થઈ છે. દરમિયાન ગઈ કાલે એલસીબીની એક ટીમે ચોકકસ બાતમીનો આધારે ડભોડા પોલીસ મથકનાં નોંધાયેલા પ્રોહીબીશનના ગુનામાં વોન્ટેડ બુટલેગરને પકડી પાડયો હતો. અમદાવાદના કુબેરનગર વિસ્તારમાં રહેતા બુટલેગર દિનેશ કોરોમલ પારપીયાની નામના શખ્સની તેના ઘરેથી



ધરપકડ કરી લઈને કાયદેસરની કાર્યવાહી કરી છે. ૯ એપ્રિલે આ શખ્સ અને તેના સાગરીતો હોન્ડાસીટી ગાડીમાં દારૂ-બિયરનો જથ્થો ભરીને જતા હતા ત્યારે ગાડીને અકસ્માત થયો હતો ત્યારે આ તમામ આરોપીઓ ગાડી મુકીને ફરાર થઈ ગયા હતા આ મામલે ડભોડા પોલીસે ૨૨૭ નંગ બોટલ અને ગાડી જપ્ત કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ત્યારથી નાસતા ફરતા આ આરોપી દિનેશની એલસીબીની ટીમે ધરપકડ કરી લીધી છે.

# ચિલોડા જંકશન મથકે દશામા મૂર્તિની ખરીદી વેચાણ માટે માનવ મહેરામણ ઉમટયો

ચિલોડા, તા. ૧૧

ગાંધીનગર જિલ્લાના પૂર્વ વિસ્તારમાં આવેલુ એકમાત્ર ખરીદ વેચાણનું જંકશન મથક ચિલોડા વાર-તહેવારે સૌનુ આકર્ષણ કેન્દ્ર બન્યું છે. ત્યારે ચાલુ સાલે અષાઢ વદ-અમાસના દિવસથી દશામાનો તહેવાર પ્રત્યે ભક્તજનોની આસ્થા અને વિશ્વાસના પ્રતિકસમા દશામાની સ્થાપના અને દશ દિવસ પૂજા-અર્ચના આરતી સહિત માતાજીની ભક્તિ-આરાધનાનો પર્વનો શુભારંભ થઈ રહ્યો છે. ત્યારે ચિલોડા પંથકમાં આવેલા આજુબાજુના ગામોના માઈ ભક્તો દ્વારા માતાજીની મૂર્તિની ખરીદી માટે ભારે ભીડનો જામેલો વ્યાપી રહ્યો છે. ત્યારે ચિલોડા વિસ્તારના દશામાની મૂર્તિના અસંખ્ય સ્ટોલો અને હાટડી મંડાતા મોટી સંખ્યામાં માનવ મહેરામણ ઉમટી પડ્યો છે. હાલમાં ચિલોડા સર્કલના જાહેર માર્ગો જેવા કે સાદરા ચિલોડા એપ્રોચ રોડ, દહેગામ રોડ, ચિલોડા મુખ્ય બજારમાં લારીઓ, પાથરણાવાળા કે સ્ટોલો દશામાંની ઈકો ફ્રેન્ડલીને બદલે પ્લાસ્ટર ઓફ પેરીસની નાની અને વિશાળ કદની રંગબેરંગી મૂર્તિઓનું બજાર ધમધમી રહ્યુ છે. આ સાથે દશામાંની મૂર્તિની પૂજા અર્ચના માટે જરૂરી સામગ્રીનું વેચાણ સહિત રૂ. ૧૦૦થી ૧૫૦૦ સુધીની કિંમતની મૂર્તિનું વેચાણ થઈ રહ્યું છે.આમ ચિલોડા એકમાત્ર ખરીદ-વેચાણનું વાર-તહેવારે બજારમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડતાં માનવમહેરામણથી લોકમેળાના દશ્યો જોવા મળી રહ્યા હતા.

